Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જંગલમાં મંગળ

[રૉબિન્સન ક્રૂઝોની આપવીતી]

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय

पुस्तक संख्या ६।०।ग.
५६

पंजिका संख्या ३२३०५

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक समय तक पुस्तक अपने पास नहीं रख सकते।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

66 ગ
૪૬
323624
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦-૧૦૨

જંગલમાં મંગળ

[રૉબિન્સન ક્રૂઝોની આપવીતી]

સ્ટાક પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯૮૫

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

ज्ञानेन मुक्तिः
CHECKED 1973

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક

ભગનભાઈ પ્રભુદાસ દેસાઈ

મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪

મુદ્રક

જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ

નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૫,૦૦૦

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય

અમદાવાદ–૧૪

૩૫ નવા પૈસા

એપ્રિલ, ૧૯૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

રૉબિન્સન ક્રૂઝોની આ કથા મેં વાચનમાળાના એક પાઠ તરીકે વરસો પર લખી હતી. પ્રૌઢ નવશિખાઉ તથા બાળકોને માટે પણ તે સારું વાચન પૂરું પાડે એમ લાગવાથી તેને સમાજ-શિક્ષણ ગ્રંથમાળામાં પ્રસિદ્ધ કરવાનું વિચાર્યું. તેમ કરતાં તે ફરી જોઈ જઈને ઠીક ઠીક સુધારોવધારો કર્યો છે તથા પ્રકરણો પાડીને કથાને ગોઠવી છે.

મૂળ અંગ્રેજી કથા મોટો દળદાર ગ્રંથ છે. વાચકને આ કથા અતિ ટૂંકી લાગશે. તેમાં કેટલાંય રમૂજી કથાનકો ઉમેરવા જેવાં છે. પરંતુ સમાજશિક્ષણ માટેની આ જાતની ચોપડીઓનું કદ અમુક જ રાખવાનું હોઈને કેટલાંય કથાનકો એમાં ઉમેર્યાં નથી.

ચોપડીમાં ચિત્રો ઠીક ઠીક મૂકયાં છે. તેથી ઉપરની મર્યાદાની કાંઈક ખોટ ભાગશે. આ ચિત્રો ઉપલબ્ધ સામગ્રીમાંથી લીધાં છે. તેને માટે હું તે તે સામગ્રીવાળાનો આભાર માનું છું.

રૉબિન્સન ક્રૂઝોની કથા જગત્સાહિત્યની એક અનોખી ચીજ બની છે. યુરોપની બધી ભાષામાં તે ઊતરી છે. બીજી ભાષાઓમાં પણ તે જરૂર ઊતરી હશે.

તેનું વસ્તુ સનાતન રસપ્રદ ધરાવનારું છે. માનવ જીવનનો રસ તે પુરુષાર્થ કરે તેમાં છે. ક્રૂઝો તદ્દન આદિ સામાજિક સ્થિતિમાં અવશે મુકાયો. તેમાંથી કેમ કરતાં તેણે જંગલમાંથી મંગળ નિપજાવ્યું, તેની બહુ સરળતાથી ખીલતી કથા લેખકે રચી છે. તેમ કરવા માટે તેણે ૧૭મા સૈકાની વિલાયતની સામાજિક સ્થિતિની ભૂમિકા લીધી છે. અને એમ છતાં સર્વકાલીન રસકસ-વાળી વાત તે યોજી શકયો છે, એ લેખકની અપૂર્વ શક્તિ બતાવે છે.

લેખકનું નામ ડેનિયલ ડિફો છે. તેનો ટૂંકો પરિચય એક નોંધ રૂપે આના પછી આપ્યો છે,

આશા છે કે આ ચોપડી વાચકોને ગમશે.

૧૭-૪-'૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડેનિયલ ડિફો

'રૉબિન્સન ક્રૂઝો' નામની જગવિખ્યાત સાહસકથા લખનાર ડેનિયલ ડિફોનો જન્મ લંડનમાં ઈ. સ. ૧૬૬૧માં થયો હતો. તે સામાન્ય કુટુંબનો હતો. એનો બાપ બાટકીનો ધંધો કરતો હતો. ડેનિયલને પણ પોતાનું ગુજરાન ચલાવવા માટે જુદા જુદા ધંધા કરવા પડ્યા હતા. છેવટે તે સાહિત્ય-ક્ષેત્ર ભણી વળ્યો.

તે રાજકારણમાં પણ ભાગ લેતો હતો. તે વ્હિગ પક્ષનો તથા 'ડિસેન્ટર' હતો. જેમ્સ બીજાને પદભ્રષ્ટ કરવામાં આવ્યા પછી, ઇંગ્લેંડની ગાદી પર વિલિયમ ત્રીજો અને રાણી મેરી આવ્યાં હતાં. વિલિયમ ત્રીજા સાથે ડેનિયલને સારું બનતું હતું. તેથી એની મહેરબાનીથી તેના દિવસો સુખમાં જવા લાગ્યા અને લેખક તરીકે પણ તે લોકોમાં જાણીતો થવા લાગ્યો હતો.

વિલિયમના અવસાન પછી રાણી એન ગાદીએ આવી. તે વખત દરમિયાન ડેનિયલે 'શૉર્ટેસ્ટ વે વિથ ધી ડિસેન્ટર્સ' નામનું પુસ્તક લખ્યું. એની સામે લોકોએ જબ્બર વિરોધ દર્શાવ્યો. રાણી એનનો પણ આ કારણે તેને રોષ વહોરવો પડ્યો. આવું રાજ્યપક્ષ-વિરોધી વિચારોવાળું પુસ્તક લખવા બદલ તેને પિલરી* — Pillory — માં રાખવામાં આવ્યો. પણ તે મક્કમ જ રહ્યો.

---

* જાહેર ચોકમાં એક ઊભું ચોકઠું હોય. તેમાં સજા પામેલા માણસનું માથું અને બે હાથ જકડી દઈ એને જાહેરમાં ખડો કરવામાં આવતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
આ જાહેર શિક્ષા છેવટે તેના લાભમાં જ પરિણમી. રૉબર્ટ હાર્લે નામના જાણીતા મુત્સદ્દીની દરમિયાનગીરીથી તેનો છેવટે છુટકારો થયો.

છૂટ્યા પછી તેણે 'રિવ્યુ' નામનું સાપ્તાહિત શરૂ કર્યું હતું. તેણે ઘણાં પુસ્તકો, ચોપાનિયાં, કટાક્ષ-કથાઓ વગેરે લખ્યાં છે. પરંતુ એ બધાં એટલાં જાણીતાં થયાં નથી. તેણે સાઠેક વર્ષની વયે લખેલી 'રૉબિન્સન ક્રૂઝો' નામની ચોપડીએ જ તેને જગવિખ્યાત કર્યો છે. એ પુસ્તકની ભાષા સાદી, પ્રાસાદિક અને પ્રવાહી હોવાને કારણે અંગ્રેજી સાહિત્યમાં તે જાણીતું થયું છે. જગતની જુદી જુદી ભાષામાં તેના અનુવાદ પણ થયા છે.

ડેનિયલ ડિફોનું અવસાન ૧૭૩૧માં થયું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

નિવેદન	૩
ડેનિયલ ડિફો	૪
જંગલમાં મંગળ	
૧. સાહસની ધૂન	૭
૨. વહાણવટી બન્યો	૮
૩. ખેડૂત બન્યો	૧૦
૪. નાવ તોફાને ચડયું !	૧૨
૫. અજાણ્યા પ્રદેશમાં	૧૫
૬. ઘર વસાવ્યું	૧૯
૭. મુશ્કેલીમાંથી માર્ગ	૨૧
૮. નાનકડી મારી નવી દુનિયા	૨૫
૯. નિર્જનતાના સાથીઓ	૩૧
૧૦. માણસ-સાથી મળ્યો	૩૩
૧૧. છુટકારો	૩૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
૨૧૩૬૫

જંગલમાં મંગળ

[રૉબિન્સન ક્રૂઝોની આપવીતી]

૧

સાહસની ધૂન

ઈ. સ. ૧૬૩૨માં, ઈંગ્લન્ડના યૉર્ક શહેરમાં, એક સારા ગણાતા સુખી ઘરમાં મારો જન્મ થયો હતો. અમે ત્રણ ભાઈઓ હતા, એમાંથી હું એકલો જ જીવતો રહ્યો હતો; એટલે તમે કલ્પી શકશો કે, મારાં માતાપિતાનું મારી ઉપર કેટલું વહાલ હશે.

મારા પિતાએ તે જમાનામાં મળી શકે એવી બધી કેળવણી મને આપી હતી. તેમનો ઇરાદો મને વકીલ બનાવવાનો હતો. પરંતુ, કોણ જાણે શાથી, મને તો નાનપણથી જ દરિયો ખેડવા જવાની લહે લાગી હતી.

મારા પિતાને આ બિલકુલ ગમતું નહોતું. એટલે તેઓ મને નાદાન સમજીને ઘણી વાર દરિયાનાં દુઃખો અને એનું અસ્થિર જીવન તથા જોખમો સમજાવતા અને છેવટે ગળગળાં થઈને કહેતા, 'બેટા, હવે અમે બંને ઘરડાં થયાં; તારાં ઘરડાં મા-બાપને ખાતર પણ તું આ ગાંડપણ છોડ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
આથી એક વર્ષ તો મેં મનમાં નક્કી કર્યું કે, મારે આ સાહસ નથી જ ખેડવું. પરંતુ મારો જીવ બહુ લાંબું ઝાલ્યો ન રહ્યો.

એક દિવસ એવું બન્યું કે, હું અમસ્તો રખડવા માટે હલ શહેર તરફ ગયો હતો. ત્યાં અચાનક મારો એક મિત્ર મને મળ્યો. તેણે કહ્યું, 'રૉબિન, લંડન સહેલ કરવા આવવું છે? મારા પિતાનું વહાણ જવાનું છે, એટલે તને ભાડું પણ નહિ બેસે.' આ સાંભળી હું તરત લોભાયો, અને ઘેર કાંઈ પણ કહ્યા વગર, ઈ. સ. ૧૬૫૧ના સપ્ટેમ્બર માસના અરસામાં, પરભારો લંડન જવા નીકળી પડ્યો.

૨

વહાણવટી બન્યો

ઈશ્વરે કદાચ મને બોધપાઠ જ આપવા ધાર્યું હશે: રસ્તામાં ભારે તોફાન થયું! હું તો દરિયાના પહેલા અનુભવથી હેરાન હેરાન થઈ ગયો. તોફાન શમ્યું જ નહિ. પરિણામે, અમારા વહાણમાં ગાબડું પડ્યું; અને સારે નસીબે એક હોડીવાળાએ અમને ન બચાવ્યા હોત, તો અમે દરિયાને તળિયે જ જાત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
આમ બચ્યા પછી જેમ તેમ કરીને હું લંડન પહોંચ્યો. સમજીને અહીંથી મારે પાછા મારા પિતા પાસે પહોંચી એમની માફી માગવી જોઈતી હતી. જ્યારે ડૂબતા વહાણ પર દરિયામાં હું હતો, ત્યારે મને ઘરમાંથી નાસી આવવા માટે પસ્તાવો થતો હતો. તેથી મેં નક્કી કર્યું હતું કે, આમાંથી જો પરમેશ્વર મને બચાવશે, તો હું જરૂર મારા પિતા પાસે જઈ એમની માફી માગીને કહીશ કે, હવે કદી તમારી આજ્ઞા નહિ તોડું. પરંતુ લંડન સાજાસમા પહોંચ્યા બાદ, ત્યાંનું બારું અને ત્યાં આવતાં જતાં વહાણોની ધમાલ જોઈને હું એ બધું વીસરી ગયો, અને દરિયાઈ મુસાફરીનો લાગ જોઈ તે લતે ચડી ગયો.

લંડનથી દૂર આફ્રિકામાં વેપાર માટે જતા એક વહાણમાં સફરે જવાનું મેં ગોઠવ્યું અને એમ મારી પહેલી સફર શરૂ થઈ. આ રીતે ઉપરાઉપરી એક બે વાર આફ્રિકાની સફરે જઈ આવ્યા પછી તો હું રીઢો વહાણ-વટી બની ગયો. આમ હું આફ્રિકાની સફરો કરવામાં પડી ગયો. પ્રભુ જાણે, આ બધો વખત, મારાં ભલાં માતાપિતા મારે સારુ કેવાં દુઃખી થતાં હશે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

ખેડૂત બન્યો

આફ્રિકાની મારી એક સફરમાં હું મૂર કહેવાતા લોકના હાથમાં સપડાયો. તેઓ મને ગુલામ તરીકે લઈ ગયા. મારો મૂર શેઠ ભલો માણસ હતો. પરંતુ ગુલામી કાંઈ ભલાઈથી ઓછી જ કઠચા વગર રહે! મારે તેમાંથી છૂટવું હતું.

એક દિવસ સારો લાગ મળી ગયો. શેઠના લોકો આધાપાછા હતા તે જોઈને, હું શેઠની જ એક હોડી લઈને બંદરમાંથી દરિયા ભણી નાઠો. મારે સારે નસીબે, વચ્ચે મને આઝીલ જતું એક વહાણ મળી ગયું. તેમાં બેસી હું આઝીલ પહોંચ્યો.

આઝીલમાં સ્પેનના લોકે વસાહત કરી હતી. હું તેમને આશરે પહોંચી ગયો, અને તેમના જેવો વસાહતી બની ગયો.

સ્પેનિશ વસાહતીઓ જોડે મને સારું ગોઠી ગયું. તેમની જેમ હું પણ ખેતી કરવા લાગ્યો અને જતે દહાડે સારો ખેડૂત બન્યો. ધીમે ધીમે મારું ખેતીકામ એટલું જામ્યું કે, મારે બે ત્રણ નોકરો રાખવાની જરૂર પડી. પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
મારો મૂળ ગ્રહ જ સુખનો નોહ, તે ત્યાં ચારેક વરસ સ્થિર રહ્યા બાદ, ફરી પાછું મારે સફરે જવાનું થયું.

એક દહાડો મારા ત્રણ પડોશીઓએ મને વિનંતી કરી, 'ભાઈ, અમારું એક કામ ન કરો? તમે આફ્રિકાની રોજ રોજ જે રસિક વાતો કહો છો, તે પરથી લાગે છે કે, તમે ત્યાંના સારા માહિતગાર છો. અમે તમને વહાણ વગેરેની બધી સોઈ કરી આપીએ. અમારે ખાતર ત્યાં એક વાર જઈને ગુલામો ન લઈ આવો? તેમાંના અર્ધા અમે તમને આપીશું.'

આ સાંભળી હું લલચાયો. આ લોભાવનારી વાતમાં ફસાયા વગર મારાથી ન રહેવાયું, ને ચાર વર્ષના સ્થિર વસવાટ બાદ, પાછો હું દરિયાની સફરે ઊપડ્યો. તે દિવસે ઈ. સ. ૧૬૫૯ના સપ્ટેમ્બરની પહેલી તારીખ હતી. તે જ દહાડે આઠ વર્ષ અગાઉ, ઘરબાર અને માતાપિતા છોડીને, હલ બંદરેથી હું ઊપડ્યો હતો. ત્યારના કરતાં આ વેળાના મારા ગ્રહો વળી વધારે અવળા નીકળ્યા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

નાવ તોફાને ચડ્યું !

સફરની શરૂઆતમાં પંદરેક દહાડા તો બધું સારું ચાલ્યું. જરા ગરમી વધારે લાગતી હતી, છતાં હવા ખુશનુમા હતી. પછી અમારા દુઃખના દહાડા શરૂ થયા.

એક દહાડો બૂબ સખત વાવાઝોડું આવ્યું. બાર દહાડા સુધી તે ચાલ્યું ! તે એવું તો જોરદાર અને બિહામણું હતું કે, અમે તેની આગળ કશું કરી ન શકીએ. અમારા વહાણને એની આગળ વિવશ થઈ તણાયા વગર છૂટકો નહોતો.

આમ અમે ભરદરિયે તણાતા હતા. તેવામાં એક દહાડો વહેલી સવારે અમારા એક માણસે હર્ષથી બૂમ પાડી, 'જમીન !'

તોફાન અમને જમીન ભણી લઈ આવ્યું હતું. પણ તેણે અમારે માટે બીજું ધાર્યું હતું.

એ બૂમ સાંભળી ન સાંભળી ત્યાં તો અમારું વહાણ નીચે રેતીમાં સખત ચોટ્યું. તોફાન તો કહે, મારું કામ ! પહાડ જેવાં મોજાં ગર્જતાં હતાં. ચોટવાથી થંભી ગયેલા વહાણ પર હવે ઘણની પેઠે એ અફળાવા લાગ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
વહાણને પૂરું કરવામાં એમને હવે કેટલો સમય લાગે છે, એ જ જોવાનું હતું. એ મોજાં વહાણ ભેગો અમારો પણ ફૂટો જ કરશે, એવી અમને ખાતરી થઈ. ભરદરિયે તણાયા કરવામાંથી અમે બચ્યા હતા; એટલું જ નહિ, જમીન સામે દેખાતી હતી, પણ તે પાસે નહોતી.

અમારી જીવનનૌકા આમ અધવચ્ચ થંભી ગઈ હતી! વહાણ જોડે અમારું પણ મોત જ દેખાતું હતું. કપ્તાને વિચાર કર્યો કે, આ અવશ્ય નાશ પામનાર વહાણમાંથી નાસી છૂટીએ તો કદાચ બચાય.

અમારી પાસે વહાણ પર એક હોડી હતી. જેમ તેમ કરીને તેને પાણી પર ઉતારીને તેમાં અમે કૂદી પડ્યા. તોફાન તો ચાલુ જ હતું. મોજાં સામે આખડતાં અને અથડાતાં કેટલુંક અંતર અમે કાપ્યું. પરંતુ અમારું નસીબ તો ચાર ડગલાં આગળ જ ઊભેલું લાગ્યું: એક મોટા મોજાએ આવીને અમારી હોડીને ગબડાવી દીધી!

ટોપલો ઊંધો વાળતાં અંદરની નારંગી નીકળી પડે એમ અમે બધા પાણીમાં ઠલવાયા. પછીના મારા અનુભવની વાત તો વર્ણવી શકાય એમ નથી. કાન, નાક અને આંખમાં જ નહિ, પેટમાં પણ પાણી પેસી ગયું. હું મૂર્છામાં પડી ગયો. પરંતુ, મારું નસીબ એટલું સારું કે, ધક્કા મારતાં મારતાં મોજાં મને મૂર્છિત દશામાં કિનારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ફેંકી આવ્યાં. તેમાંથી મને બરોબર ફળ વળી ત્યારે જોતાં મને જણાયું કે, વહાણમાંથી હું એકલો જ કિનારે તણાઈ આવીને બચ્યો છું. એને માટે મેં ઈશ્વરનો પાડ માન્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

અજાણ્યા પ્રદેશમાં

દરિયામાંથી જમ તેમ બચીને જમીન તો જોઈ; પણ હવે જમીન પર બચવું સહેલું નહોતું. જીવનમાં કદાચ પહેલી વાર મારી નજર મારી જાત ઉપર ગઈ. ઉપર આભ, નીચે જમીન, અને સામે પાણી સિવાય બીજું કોઈ મારી પાસે નહોતું. મારાં જ કપડાં હતાં તેય પાણીથી ભીનાં જ હતાં. ખીસામાં ચપટી તમાકુ, ચપ્પુ અને ચુંગી હતાં. એ જ આ જગતમાં મારું સર્વસ્વ હતું!

હવે મને તરસ લાગી હતી. મને થયું કે, કચાંક નદીનાળું દરિયાને મળતું હશે, તે જો જડે તો મીઠું પાણી મળે. સારે નસીબે તે મળી ગયું. પેટમાં ખોરાકની અને પાણીની બેઉ જગા એકલા પાણીથી ભરીને હું આગળની ચિંતામાં પડચો.

હું એકલો હતો. કચાંય વસ્તી દેખાતી નહોતી. એટલે મેં તો માની લીધું કે, કોઈ જંગલી પશુ કે માણસને હાથે મારું મોત જ હવે બાકી છે. પણ તેથી કશું કર્યા વગર કે હાથ જોડીને આછું બેસી રહેવાય છે! રક્ષણને સારુ, એક ઝાડની ડાળી તોડીને તેનું ડફણું કર્યું. હિંસ્ર પશુઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
મારે નાહ્‌વું તે સારુ મેં નક્કી કર્યું કે, ફાવે કે ન ફાવે તોય રાત ઝાડ પર કાઢવી. રાત પડી એટલે એક ઘટાદાર ઝાડ ખોળીને તેના ઉપર આખી રાત વિતાડી.

સવારે ઊઠ્યો ત્યારે શરીર તાજું થયું હતું; મન સ્વસ્થ હતું. સામે દરિયો શાંત સરોવર જેવો હતો. પણ



આ શું? મારું પેલું વહાણ,— કદાચ રાતની ભરતીથી — કિનારા નજીક તણાઈ આવ્યું હતું! મને થયું, 'અરે ભગવાન, ત્યારે શું બચવાને નામે અમે હોડીમાં મરવા જ બેઠા એમ ને!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પણ એ ગઇ કાલની વાતમાં વખત કેમ અપાય? એનાં રોદ્દાં મનમાં પણ રડવાથી શું વળે એમ હતું? એક એક ઘડી મારે માટે સોનાની હતી. "જીવતો નર ભદ્રા પામે" — મારે જીવતા રહેવું હતું. તે માટે શું કરવું, એ સીધો સવાલ સામે આવીને ઊભો હતો. એટલે ગઈગુજરીના બધા વિચાર રોકીને મેં વહાણ પર જવાનું વિચાર્યું. હું બે દિવસનો ભૂખ્યો હતો. મને આશા હતી કે, ત્યાં કાંઈક ખાવાનું મળશે.

દરિયામાં ઓટનો લાગ જોઈ હું કપડાં કાઢીને કૂદી પડ્યો. તરતો તરતો વહાણ પાસે પહોંચ્યો. શુભ જોગે એક દોરડાનો કકડો લટકતો હતો, તે ઝાલીને હું ઉપર ચડી ગયો. પહેલો ભંડારની ઓરડીમાં પહોંચ્યો. વિચાર કરો કે, ત્યાં કોરાં ખાસ્સાં બિસ્કિટ જોઈ મને કેવો આનંદ થયો હશે! ખાવાને માટે થોડાંક ખીસામાં ભરીને હું હવે વહાણ પર બધું તપાસવા લાગ્યો. વહાણમાં શું શું બચ્યું છે તે બધું ખાલી જોવા પાછળ વખત ગુમાવ્યે પાલવે એમ નહોતું. મેં ઠરાવ કર્યો કે, થોડા દહાડા તો હવે આ વહાણમાંથી મારે જરૂરનો બધો સરસામાન જમીન પર ખસેડવા પાછળ મંડી પડવું. પણ તેને મારા નવા વતનને કિનારે શી રીતે લઈ જવો?

વહાણ પર થોડાંક પાટિયાં, દોરડાં, લાંગેલા લાકડાના દાંડા ને સઢ હતાં. એમાંથી મેં મારા કામ જોગો તરાપો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બાંધી કાઢ્યો, અને તરાપા પર માય એટલો સામાન એના ઉપર લાદ્યો. અને એમ લદાયેલા તરાપાને પછી હલેસતો હલેસતો મારા નવા ઘર ભણી લઈ ચાલ્યો.

આ રીતે મેં મારા વતનમાં બ્રપના માલની આયાત શરૂ કરી. તે અંગે નવો સવાલ એ આવ્યો કે, આ માલને હવે ઉતારવા માટે બંદર જેવી જગા જોઈએ. તે સારુ મેં સવડવાળી જગા બ્રોળવા માંડી. તે બ્રોળતાં એક બ્રાડી મારે હાથ લાગી ગઈ. તેમાં મારા તરાપાને મેં હંકાર્યો. તેમાંથી મને એક નદીમુખ લાધ્યું. એમાં મેં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
મારું બંદર કરી મારા ખેપ ઉતારી. આટલું ગોઠવતાં મને કંઈ કંઈ મુસીબતો પડી. એક વાર તો મારો તરાપો નમી પડીને ઠલવાઈ જ જતો રહી ગયો. પણ એ બધી મુસીબતો જીતવામાં જ હવે મારો ઉગારો હતો.

૬

ઘર વસાવ્યું

મારા નવા વતનમાં બંદરની ગોઠવણ કરી લીધી અને વહાણમાંથી તરાપાની મદદ વડે સામાન તો લાવવા માંડ્યો. પણ તેને રાખવો કયાં? અને મારે પણ કયાં રહેવું? રોજ ને રોજ ઓછું જ ઝાડ પર સુવાય? હું હવે એની ચિંતામાં પડ્યો.

પહેલી ખેપમાં પ્રથમ જરૂરિયાતની ચીજો હું લાવ્યો હતો. તેમાં ખોરાકી, સુતારીનાં ઓજારો, અને થોડાંક કપડાં ઉપરાંત બે બંદૂકો ને થોડોક દારૂગોળો પણ લીધાં હતાં.

બંદૂક ખાંધે મૂકીને હું રહેઠાણની શોધ માટે હવે નીકળ્યો. પહેલો હું એક ડુંગરી હતી તેની પર ચડ્યો. ચારે બાજુ નજર ફેરવતાં મેં જોયું કે, હું એક બેટમાં છું. તેમાં કયાંય મને કોઈ માણસ જેવું ન દેખાયું. ડુંગરીની એક બાજૂ એક ગુફા જેવું હતું અને તેના મોં આગળ થોડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સપાટ જગા હતી. હું ત્યાં પહોંચ્યો. મને એ જગા રહેઠાણ માટે ગમી. ગુફાના મોં નજીક મેં તંબૂ ઠોકચો. તંબૂની એક બાજૂ પહાડ હતો, તે છોડી બાકી બધી બાજૂ મેં ફરતી લાકડાના દંડાની બેવડી વાડ કરી લીધી. અંદર જવા માટે વાડ ચડીને જવાનું રાખ્યું. તેને માટે એક નિસરણી બનાવી. અંદર ગયા પછી તેને ખેંચી લઉં, એટલે મારા કિલ્લામાં પછી કોઈ આવી ન શકે! આમ મારા નવા વતનમાં મેં રહેવા જેવું ઘર બાંધી લીધું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

મુશ્કેલીમાંથી માર્ગ

હવે મેં વહાણ પરથી ઝપાટાબંધ સામાન આણવા માંડ્યો. એ જો ચૂકું તો અહીં કયું બજાર હતું કે મને કશું પણ મળે? અને ભાંગેલું વહાણ કયારે તૂટી જઈ પાણીમાં વેરાઈ જાય, એનો પણ ભરોંસો નહોતો.

એક દહાડો, હું વહાણ પર ગયો હતો. તેમાંથી ઘેર લઈ જવાની ચીજો ફંફોસતાં, મને નાણાંની એક પોટલી મળી! તે જોઈ જોરથી ખડ ખડ હસવું મારાથી રોકાયું નહિ. આ નિર્જન ટાપુમાં એ બિચારાં નાણાંના સિક્કા શા કામના હતા? એક ખીલી પણ અહીં વધારે કીમતી હતી. પરંતુ, આ નિરાશાના ટાપુમાંથી પણ કોક દહાડો સુધરેલા જગતમાં જવાનું થાય, એવી અમર આશા મને ઊંડે ઊંડે પણ હતી જ; એટલે મેં તે નકામા સિક્કાને પણ સાથે લઈ તો લીધા.

આવી જ બીજી એક વિચિત્ર વાત કહું. વહાણ પરથી બંદૂક તલવાર લઈ આવ્યો હતો. પછી હું મળી તેટલી બંદૂકો, તલવારો અને દારૂગોળો બોટ પર લઈ આવ્યો હતો. હું એકલો હતો તેને આટલી બધી સામગ્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
શું કામ જોઈએ? પરંતુ, સિક્કા જેવી તે ન ગણાય. વખત છે ને જોઈએ તો, પેટ પર રક્ષણ માટે ખપની હતી.

વહાણમાંથી ઘેર આણેલા સામાનના ઢગલાથી મારી ઓરડી અને ગુફામાં ભીડ થઈ ગઈ. મને થયું, જો અભરાઈ હોય તો સારું. ખાવા બેસવા માટે ટેબલખુરસી ન હોવાથી નિરાંતે જમાતું પણ નહોતું. મેં વિચાર કર્યો કે, લાકડું તો આ ટાપુ પર પુષ્કળ છે; લાવને જોઈતું રાચરચીલું બનાવું.

અત્યાર સુધી કદી સુતારકામ મેં કર્યું નહોતું. પરંતુ જરૂર માણસને શું નથી શીખવતી! પાટિયાં પાડવા માટે કરવત જોઈએ, તે મેં આણેલી ઓજાર-પેટીમાં નહોતી. કુહાડી મને મળી હતી, તે લઈ આવ્યો હતો. કરવતને બદલે કુહાડીથી મેં કામ લીધું. તે વડે ઝાડનું જાડું થડ છોલી છોલીને હું પાટિયાં કરવા લાગ્યો. તેમાં વખત તો બહુ લાગે; પણ ત્યારે આ ટાપુ પર મારે બીજું કામેય શું હતું? મને કશી દોડાદોડ જ કયાં હતી? એક થડને છોલી છોલીને પાટિયું પાડી, તેમાંથી આવડ્યાં એવાં ખુરસીટેબલ અને અભરાઈ મેં બનાવી કાઢ્યાં. ખીલા ને હથોડી મને વહાણમાંથી મળ્યાં હતાં.

વહાણ પરથી હું શાહી, કલમ, અને થોડી ચોપડીઓ પણ લેતો આવ્યો હતો. ચોપડીઓમાં બાઇબલ પણ હતું. મારી આગલી જિંદગીમાં મેં કદી બાઇબલ વાંચ્યું નહોતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri.
નિરાશાના આ નિર્જન ટાપુમાં હવે મને એ ભારે સાંત્વન કે આસાએશ આપનારી ચોપડી થઈ પડી. કોક દહાડો પણ પ્રભુ મને ઉગારશે, એ મારી શ્રધ્ધા બાઇબલના પાઠથી જ પાકી બંધાઈ. અને આ એકલ જીવનમાં મને જે ભય જેવું લાગ્યા કરતું હતું, તે મારો ભય પણ બાઇબલે જ કાઢ્યો. ખરેખર, જીવવામાં મને ઈશ્વરની પ્રાર્થના આધાર દેનારી લાગી.

કલમ શાહી શું કામ આણી હતી? મારે કયાં પત્ર લખવાના હતા? પત્ર તો નહિ, પણ હું, શાહી ચાલી ત્યાં સુધી, બરોબર મારી રોજનીશી નિયમસર લખતો. નવી શાહી બનાવવાની મારી એકે યુક્તિ ન ચાલી, એટલે એ લખવાનું મારે કમને છોડવું પડયું.

મેં મારે માટે એક કામચલાઉ પંચાંગ પણ બનાવ્યું હતું. ટાપુ પર આવ્યો એ પછી થોડા જ દિવસમાં, જે જગાએ હું કિનારે નંખાયો હતો, ત્યાં મોટા અક્ષરે મેં પાટિયું કોતરીને રોપ્યું હતું કે,

'૩૦ મી સપ્ટેમ્બર, ૧૬૫૯, ને રોજ આ જગાએ હું આવ્યો.'

આ પાટિયાનો થાંભલો એ મારું પંચાંગ હતું. રોજ હું એ થાંભલાની યાત્રા કરતો અને એક કાપો કરતો. સાતમો કાપો લાંબો કરતો. અને મહિનો પૂરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



થાય ત્યારે લાંબી નિશાની કરતો. આ મારું પંચાંગ મેં ઠેઠ સુધી જાળવ્યું.

આમ મારા વેરાનવાસમાં પણ મારું ઘર સજાતું ગયું અને મારી નવી દુનિયા સરજવા લાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

નાનકડી મારી નવી દુનિયા

હવે મને આ ટાપુ પર આવ્યે વરસ થવા આવ્યુ. વહાણમાંથી આણેલા ખોરાક ઉપરાંત હું શિકાર મેળવવા લાગ્યેા હતેા. મને ટાપુ પર પક્ષીઓ, તેમનાં ઈંડાં અને બકરાં જડ્યાં હતાં. એક જાતનાં ફળ જડ્યાં તેની સુકવણી હું કરી રાખવા લાગ્યેા. થેાડાં બિસ્કિટ વહાણ પર મળ્યાં હતાં, તે હવે થઈ રહેવા આવ્યાં હતાં. એવામાં એક



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
દહાડો મેં મારા તંબૂ પાસે એક બે જવના છોડ ઊગેલા જોયા. મારા આનંદનો પાર ન રહ્યો. શી પરમેશ્વરની મહેર! મને એ અહીં પણ ભૂલ્યો નથી — એ મને જરૂર ઉગારશે, એવી મને શ્રદ્ધા બેઠી. છોડને બેએક ડૂંડાં બેઠાં. દાણા પાકચા તે સાચવીને મેં એમાંથી બેતી શરૂ કરી અને ધીમે ધીમે તે વધારીને હું વરસ જોગા રોટલાનું ધાન પકવતો થઈ ગયો. આ રીતે વેરાનમાં પણ રોટલો રળતો હું થયો.

તમને લાગશે કે, બી વગર અધ્ધર ને એકાએક અનાજ શી રીતે ઊગ્યું? મને એનો તાગ પછીથી મળ્યો હતો. ભાંગેલા વહાણમાંથી આણેલી ચીજોમાં એક થેલી હતી, તેમાં દાણા હતા. તે ઉંદરે ફોલી ખાધા હતા. મારે એ કોથળી બીજા કામને માટે જોઈતી હતી. એટલે તેની અંદરના બોખાં થઈ ગયેલા પેલા દાણા મેં, કશા પણ ખ્યાલ વગર, બહાર ફેંકી દીધા હતા. તેમાંથી બે પાંચ ઊગવા જેવા રહેલા દાણા ઊગ્યા! આ ખુલાસો ઘણા વખત પછી મને સૂઝ્યો હતો. પરંતુ તેમાંય ઈશ્વરની કૃપા તો હતી જ. દાણા બેચાર પણ બચવા ને આમ ઊગવા, એ ઘટના પણ મને તો ઈશ્વરની મહેરબાની જ લાગી.

મારી વાત આગળ ચલાવું. ધાન તો ઈશ્વરે આપ્યું; પણ મારી પંચાતોનો પાર નહોતો. રાત પડે તે પહેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
તો મારે ઘર ભેગો થવું જ જોઈએ ને પથારીમાં પહોંચી જવું જોઈએ. નહિ તો દીવા વગર હું કુટાઈ મરું.

દીવા માટે મેં યુક્તિ શોધી કાઢી. મારા શિકારની ચરબી હું એકઠી કરી રાખતો. થેપી થેપીને મેં માટીનું એક કોડિયું બનાવી, સૂરજના તાપમાં જેવું પાકે તેવું પકવ્યું. તેમાં ચરબી મૂકી, ચીંદરડીને આમળીને મેં દિવેટ કરી. એમ બનેલો દીવો તેજ તો બહુ ઝાંખું આપતો, પરંતુ તેણે મારું અંધારું તો જરૂર ટાળ્યું.

વહાણ પરથી મળેલી ચીજોમાં બીજી એક મોટી ખોટ હતી વાસણોની. પાણીનો ઘડો સરખો મારી પાસે નહોતો, તો રાંધવાની હાંલ્લી કે લોટા-પ્યાલાની તો વાત જ શી?

મારા રાજ્યમાં માટી અને લાકડાંનો તો તોટો નહોતો. મેં કુંભાર બનવાનો વિચાર કર્યો.

નાનપણમાં મારા ગામના કુંભારનો ચાકડો મેં જોયો હતો, પણ કદી માટીને કે તેને હાથ લગાડ્યો નહોતો. જીવનમાં પહેલી વાર હવે હું કુંભકાર બન્યો.

કેટલીય વાર આકાર ઘડ્યા ને તે તૂટી ગયા. ચાકડો તો અહીં ક્યાંથી જ હોય? મારે હાથે જ, જેવો આવડે તેવો આકાર ઘડવાનો હતો. બે મહિના સુધી એમ મારી ઘડ-ભાંગ ચાલી. છેવટે બે વાસણ બન્યાં. એમનો આકાર અને એમનું રૂપ કેવાં હશે, એ પૂછશો જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
નહિ. છતાં તેમને કાંઈક નામ હોવું જોઈએ, તેથી હું તેમને 'ધડા' કહેતો. બાકી એ રૂપ તો જગતમાં અનોખું જ હતું.

આમ શરૂ કર્યા પછી તો મેં હાંલ્લી, પ્યાલા વગેરે ઘણું બનાવ્યું. જેમ જેમ હાથ બેસતો ગયો તેમ તેમ હું સારા નમૂના પણ કરી શકયો. આગળ વધીને તેમને પકવવાની કળા પણ મેં શોધી કાઢી. આમ વાસણોની મારી ચિંતા ટળી.

હવે મારો ઘરસંસાર ઠીક ઠીક ગોઠવાઈ ગયો હતો. અને ખેતી ઉપરાંત રાચરચીલું બનાવવું, ઘરની મરામત કરવી, વગેરે અનેક કામમાં મારો દિવસ પૂરો થતો. એક રીતે જોતાં, હું આ મારા ટાપુનો રાજા જ કહેવાઉં. ઘરકામમાંથી થોડી નવરાશ પણ મળવા લાગી હતી. એટલે વચ્ચે વખત કાઢીને ધીમે ધીમે મેં મારા રાજ્ય જેવા આ આખા ટાપુને પણ જોઈ કાઢયો.

વળી એક બીજો ધંધો સૂઝયો. એક વાર વર્ષામાં હું માંદો પડયો. ઘરમાં પડયા પડયા નવરા શું કરવું ? મને ટોપલીઓ બનાવવાનું મન થયું. મારા ટાપુમાં વરસમાં બે ફસલ આવતી, તેથી હવે ધાન તો ખૂબ થવા લાગ્યું હતું. ટોપલી ટોપલા બનાવું તો ધાન ભરવા કામ લાગે, એ પણ કારણ હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

66 ગ
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
૨૬



નાનો હતો ત્યારે જૂની દુનિયામાં ચપ ચપ ટોપલી ગૂંથનારાને હું જોયા કરતો. હવે મેં જાતે તે કામ કરવા માંડ્યું. પાતળી ડાખળીઓ કાપી લાવી તેમની ટોપલી મેં ગૂંથી. એમ કરતાં પહેલી ટોપલી તૈયાર થઈ તે જોઈને મારો આનંદ માતો નહોતો. પછી તો, ગરમીની નવરાશના દિવસોમાં, દર વરસે હું ખપ જોગી ટોપલીઓ ગૂંથી લેતો.

અનાજ દળવા માટે ઘંટીનું શું કરવું, એ પણ પ્રશ્ન ઊઠ્યો. મજબૂત લાકડું ખોળી કાઢી તેમાંથી આવડ્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
એવા બાંડિયા ને સોમલુ બનાવ્યા. મારો લોટ અનાથી ખાંડીને કરતો. વહાણ પરથી એક જળીદાર કપડું મળ્યું હતું તેની ચાળણી બનાવી.

મારાં કપડાં પણ હવે કયાં સુધી ચાલવાનાં હતાં? તે હવે ફાટવા આવ્યાં હતાં. શિકારનાં ચામડાં સૂકવીને હું સંધરી રાખતો હતો. તેમાંથી નરમ જોઈને એક ચામડાનો મેં ડગલો, ટોપી વગેરે બનાવ્યાં. ચામડાની એક છત્રી પણ બનાવી, તે મને તાપ અને વરસાદ બેઉમાં ચાલતી. આદિ જમાનાનાં આ મારાં કપડાંમાં હું કેવો દેખાતો હોઈશ! પણ મારા સિવાય મને ત્યાં જોનાર પણ કોણ હતું! મને તો તે કપડાં અને છત્રી બહુ જ ગમતાં, કારણ કે તેમનાથી મારું કામ બરોબર ચાલતું હતું. બીજાં મને મળે એમ પણ નહોતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

નિર્જનતાના સાથીઓ



આમ મારો સંસાર ગોઠવાઈ ગયો. વરસોનાં વરસો કાઢવામાં પણ હવે કશી મુશ્કેલી આવે તેવું લાગતું નહોતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
માત્ર એક બાકીનું દુઃખ હતું અને તે એ કે, હું એકલો હતો! તેથી ઈશ્વરે આપેલી જીભ અહીં ન આપ્યા બરોબર જ હતી. ભાંગેલા વહાણમાં એક કૂતરો જ જીવતો રહેલો હતો, તેને હું ટાપુ પર લઈ આવેલો. એટલે આ નિર્જન વાસમાં તેણે મને સાથ આપ્યો અને મેં એને આપ્યો. એ જ એક મારો સહવાસી હતો. ઉપરાંત, મેં ટાપુ ઉપર આવીને એક પોપટ અને બિલાડી પાળ્યાં હતાં. તે મને ટાપુ પર મળી આવ્યાં હતાં. પોપટને મેં મારું નામ 'બિચારો ક્રૂઝો' બોલતાં શીખવ્યું હતું. તે આ બોલે એ સાંભળી હું રાજી થતો. આ મારાં સહવાસીઓથી મારા જીવનનું એકલપણું મટતું અને મને કાંઈક શાન્તિ વળતી.

રોજ સવાર સાંજ પ્રાર્થના કરવી અને બાઇબલનો પાઠ કરવો, એવો ધારો મેં રાખ્યો હતો. આ પણ એક મોટું હૈયાધારણ બોસડ હતું. છતાં માણસમાં હું એકલો જ હતો, એ દુઃખ હતું ખરું.

થોડાંક વર્ષો બાદ ઈશ્વરે મને માણસ-મિત્ર પણ મોકલી આપ્યો. તે મને શુક્રવારને દિવસે મળ્યો હતો, તેથી મેં એનું નામ શકરો — 'ફ્રાઇડે' પાડ્યું હતું. આખી જિંદગી એ મારા વફાદાર નોકર તરીકે મારી જોડે રહ્યો. એ માણસ પાસેના જંગલી લોકોના ટાપુનો રહેવાસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
હતો. આ નિર્જન ટાપુ પર તે કયાંથી આવ્યો, મને કેવી રીતે મળ્યો, એ વળી મારા આ જીવનનું એક સ્વતંત્ર અને રોમાંચક પ્રકરણ છે.

૧૦

માણસ-સાથી મળ્યો

મારો ટાપુ નિર્જન હતો. પણ તેની આસપાસ બીજા ટાપુઓ હતા. વહાણ પરથી હું દુરબીન લઈ આવેલો, તે વડે એમને હું જોતો. પણ ત્યાં વસ્તી હશે કે નહીં, તે ખબર પડતી નહીં. હું ત્યાં જઈ શકતો નહોતો. જવું પડે પણ શું કામ?

એક દહાડો મારા ટાપુ-રાજ્યને કિનારે હું ગયો હતો. જોઉં તો ત્યાં માણસનાં પગલાં પડેલાં! તે જોઈ હું ચમકયો: "આ શું? અહીં કોણ આવ્યું હશે?" પગલાં પાણી ભણીથી આવતાં અને પાછાં જતાં હતાં. મેં માન્યું કે, ચોકસ કોઈ આવ્યું અને પાછું ગયું છે!

આ દિવસથી હું સાવધ બની ગયો. રક્ષણ માટે ખબરદારી રાખવાની જરૂર સમજ્યો. અને એક દિવસ મને, કોણ આવે જાય છે, તે જણાયું.

એક દહાડો દરિયામાં મેં હોડી જોઈ. તે મારા ટાપુ ભણી આવતી હતી. સંતાઈને મેં દુરબીનથી તે જોવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
માંડી. તેમાં માણસો હતા. તે મારા ટાપુ પર ઊતર્યા. હું સંતાઈને જોતો હતો. તેમણે એક માણસને મુશ્કેટાટ બાંધીને આણ્યો હતો, તેનેય કિનારે ઉતાર્યો. પછી તેમણે તાપણું કર્યું અને નાચવા લાગ્યા. હવે મને ખબર પડી કે, આ શું હશે. તે માણસો જંગલી હતા. માણસનું માંસ ખાનારા લોકો દુનિયાના આ ભાગમાં હોય છે, એવું હું જાણતો હતો. તેઓ આ છે અને પેલા બાંધી આણેલા માણસને મારીને ઉજાણી કરવા આ ટાપુ પર આવ્યા છે, એવી મને ખાતરી થઈ. એટલે લાગલો જ હું સજ્જ થઈ ગયો. નરમાંસ ખાવાનું પાપ નજરોનજર જોવા હું તૈયાર નહોતો.

પેલા માણસ-ખાઉ લોકો તેમના શિકારને વધેરવા તૈયાર થયા. મેં મનમાં નક્કી કર્યું કે, હવે મારે કાંઈક કરવું જોઈએ. અને મેં ગોળી છોડી. એક જંગલી ગબડી પડ્યો. બંદૂક-ગોળી આ લોકો જાણી જ ન હોય! એ તો ગભરાયા. મેં બીજી ગોળી છોડી; બીજો ગબડાવ્યો. તેમના શિકારને જીવતો મૂકીને પોતાનો જીવ લઈને નાઠા!

મારા ટાપુ પર આ બનાવ અવનવો ગણાય. હું પેલા બચાવેલા માણસ પાસે ગયો. તે તો એમ જ બીતો હતો કે, હવે હું એને મારીશ. પણ મેં તેના બંધ છોડ્યા તે પરથી તે સમજ્યો. અહેસાનથી તે ગળગળો થઈ ગયો;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
મને ખેંચી પડ્યો; અભિનયની ભાષાથી મારો ગુલામ બનવાનું કહેવા લાગ્યો. આમ મને મારો શકરો નોકર મળ્યો! અને ભગવાને માણસ-સાથીની મારી ભીડ ભાગી!

પણ તેની સાથે મારા રાજ્યમાં નવો સવાલ શરૂ થયો. હવે મારા ટાપુ સામે શત્રુઓ પેદા થયા. પેલા જંગલી માણસો આ ટાપુને તેમની જકૂત ને ઉજાણીની સહેલગાહ માનતા. ફરી પણ એવી ટુકડી આવેલી તેને મેં મારીને ભગાડેલી. તેમાં શિકાર તરીકે શકરાનું જ એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
સગુ આવી ચડ્યુ. એમ શકરાને અને મને વળી વધારે સાથી મળ્યો.

પણ તેમાંથી નવી પંચાત જાગી તે એ કે, મારા ટાપુ પર હવે ચડાઈ શરૂ થઈ. આસપાસની જંગલી વસ્તીની જગા મેં લીધી હતી; તેમના માણસોને મેં માર્યા હતા; તેમના કેદીને મેં લઈ લીધા હતા. તેનું વેર વાળવા તેઓ ટાપુ પર ચડી આવવા લાગ્યા.

આ બાબત સમજીને મેં અને શકરાએ મળીને અગાઉથી જ મારા ઘરની આસપાસ કોટ કરી લીધેલો. શકરા માટે બીજું ઘર પણ કરેલું, તે પણ મારા નગર-કોટની અંદર લીધું હતું. આ ચડાઈનો સામનો કરવા માટે મને વહાણ પરથી આણેલાં આયુધો ખરાં ખપ લાગ્યાં. શકરાને બંદૂક ભરતાં અને વાપરતાં મેં શીખવેલું. આથી અમે બંને અમારા શત્રુઓ સામે ઠીક ટક્કર ઝીલી શકયા! તેઓ તીર ભાલાવાળા અમને ગોળીવાળાને કઈ રીતે હંફાવે? કોટની દીવાલ પાછળથી અમે એમની મોટી સંખ્યાને પણ બરોબર હંફાવી શકતા.

પરંતુ આ બધી ખરેખરી પીડા જ હતી! આ રીતે તો સુખે સૂઈ જ કેમ શકાય? રાજાનાં દુઃખ રાજા જાણે. મને વળી વધુ જોરથી લાગ્યું કે, આ નવી દુનિયામાંથી છુટાય તો સારું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
એક વાર તો મેં એક સાવ ગાંડો વિચાર કર્યો : મેં જમીન પર મોટી હોડી બાંધવા માંડી! એ વિચારે કે, તેમાં બેસીને પાછો મારી જૂની દુનિયામાં જતો રહું! એક જબરદસ્ત ઝાડ પાડી તેના થડને અંદરથી કોરીને તે મેં બનાવી. પણ પછી એને પાણીમાં કઈ રીતે લઈ જવી! મેં હોડી સુધી નહેર ખોદવા વિચાર્યું. આ બધું નર્યું ગાંડપણ લાગે; પણ આ ટાપુની કેદમાંથી છૂટવા આગળ મને તેમ નહોતું લાગતું.

છૂટવાની મારી આશા છેવટે ફળી! તે મારી છેવટની વધામણીની વાત કહી, આ મારી આપવીતી પૂરી કરીશ.

૧૧

છુટકારો

છેવટે પરમેશ્વરે મને અહીંની કેદમાંથી છોડ્યો. એક દિવસ, એક વહાણ દેખાય છે, એવી વધામણી મારા શકરાએ મને આપી. મેં દુરબીન માંડ્યું. તે વહાણ મારી જૂની દુનિયાનું હતું. તે મારા ટાપુ ભણી આવતું હતું. ટાપુ પર તેના માણસો ઊતર્યા. મને સમજ પડી કે, એ વહાણના અભાગિયા કપ્તાન સામે તેના જ સાથીઓએ બંડ કર્યું હતું અને તેઓ તે બિચારાને મારી નાંખવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



માગતા હતા. તેમનું ચાલત તો, આ ટાપુ પર તેને પૂરો કરીને તેઓ ચાલ્યા જાત.

પણ આમાં મારું નસીબ જોડાયેલું હતું તેની એમને ખબર નહોતી. મેં વચ્ચે પડવાનું નક્કી કર્યું. કપ્તાનને સારે નસીબે, ઓચિંતી મારી અને શકરાની મદદ એને મળી ગઈ, અને એ બચી ગયો. હવે એ મારો મિત્ર બન્યો. મારી મદદથી તેણે વહાણનો પાછો કાબૂ મેળવ્યો. આથી એ વહાણ મારું જ જાણે થઈ ગયું! એમાં બેસી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
ઈ. સ. ૧૬૮૭ની ૧૧મી જૂને, એટલે કે, એ ટાપુ પર ૨૮ વર્ષ રહ્યા બાદ, હું મારા શકરાને સાથે લઈને સ્વદેશ પહોંચ્યો. તરત હું મારાં માબાપને મળવા ગયો. પરંતુ તેઓ તો ગુજરી ગયાં હતાં!

પછી હું દેશમાં લગ્ન કરીને રહેવા લાગ્યો. છતાં જન્મારાની ટેવ ઓછી જ જતી રહે! એટલે માડાગાસ્કર, હિંદ, ચીન વગેરે દેશોની સફરો કરવા ઉપરાંત, મારા પેલા જૂના ટાપુને પણ જોઈ આવ્યો.

હવે ઈ. સ. ૧૭૦૫ની સાલ થઈ છે. એટલે કે, હું ૭૩ વર્ષનો થયો છું. હવે તો એક જ અને છેલ્લી તથા સૌથી લાંબી સફરની વાટ જોઉં છું, અને તે ઈશ્વરના ઘરની. એમાં મને કશો અજંપો કે ઉચાટ નથી. મને આશા છે કે, શાંતિ અને સંતોષની સાથે હું આ છેલ્લી સફરે જઈશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરાજ એટલે શું?	મગનભાઈ દેસાઈ	૦–૭–૦
આપણા દેશમાં આપણું રાજ્ય	,, ,,	૦–૭–૦
આપણું પરમ યંત્ર	,, ,,	૦–૬–૦
ઈસપ અને તેની વાતો ભાગ – ૧	,, ,,	૦·૪૦ ન. પૈ.
,, ,, ,, ,, ભાગ – ૨	,, ,,	૦·૪૦ ન. પૈ.
,, ,, ,, ,, ભાગ – ૩	,, ,,	૦·૪૦ ન. પૈ.
પ્રાચીન શીલકથાઓ	ગોપાળદાસ પટેલ	૦–૭–૦
વેર અને બદલો	,, ,,	૦–૭–૦
વેર અને અવિચાર	,, ,,	૦–૬–૦
નીતિ અને ધર્મ	,, ,,	૦–૬–૦
મલેરિયા	વિઠ્ઠલદાસ કોઠારી	૦–૭–૦
ઘરમાખી	બંસીધર ગાંધી	૦–૭–૦
ટાઇફોઈડ	,, ,,	૦–૬–૦
પાણી	,, ,,	૦-૧૦-૦
મીઠું	,, ,,	૦-૧૨-૦
બોધક ટીકડીઓ	મુકુલભાઈ કલાર્થી	૦-૧૨-૦
શીલ અને સદાચાર	,, ,,	૦–૬–૦
જાણવા જેવી વાતો	,, ,,	૦·૩૫ ન. પૈ.
પચાસ પ્રેરક પ્રસંગો	,, ,,	૦-૧૦-૦
ચીન દેશનાં કથાનકો	,, ,,	૦-૧૦-૦
મોટાં માણસોનાં મન	,, ,,	૦–૬–૦
ભક્તરાજ	,, ,,	૧–૦–૦
પ્રતિભાનું પોત	,, ,,	૦–૬–૦
માનવજીવનનું ઝવેરાત	,, ,,	૦–૬–૦
જીવન અને મરણ	,, ,,	૦–૬–૦
ધર્મ-સંસ્થાપકો	,, ,,	૦–૬–૦
સંત-સમાગમ	,, ,,	૦–૬–૦
શેખ સાદીની બોધકથાઓ	,, ,,	૦–૮–૦
સંતોની જીવનપ્રસાદી	,, ,,	૦–૬–૦
ભગવાન ઈશુની બોધકથાઓ	,, ,,	૦·૪૦ ન. પૈ.
નીતિ અને વ્યવહાર	,, ,,	૦·૪૦ ન. પૈ.

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય

અમદાવાદ ૧૪ — મુંબઈ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar